# લ્યો બોલો ! પેથાપુર સરકારી દવાખાનામાં મેડિકલ ઓફિસર જ નથી

## મહિલા સશકિતકરણની વાતો કરતી સરકારની જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભીએ ઝાટકણી કાઢી

ગાંધીનગર, તા.૪

રાજયની વર્તમાન ભાજપ સરકાર જયાંથી સમગ્ર રાજયનો વહીવટ સંભાળી રહી છે તે પાટનગરથી ૩ કિમીના અંતરે આવેલ પેથાપુરના સરકારી દવાખાનામાં છેલ્લા દોઢ વર્ષથી ડોકટરની જગ્યા ખાલી હોવાથી પેથાપુરના સરકારી દવાખાનામાં આરોગ્ય સેવાઓ કથળી ગઈ છે તેવું આક્રોશપૂર્વક જણાવતાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહજી ડાભીએ પેથાપુરના સરકારી દવાખાનામાં તાત્કાલિક મેડિકલ ઓફિસરની નિમણુંક કરવા માંગણી કરી છે.

ડાભીએ જણાવ્યું કે સમગ્ર રાજયમાં સૌથી વધારે ઓપીડી ચાલતી એક માત્ર ગવર્નમેન્ટ ડીસ્પેન્સરીમાં છેલ્લા દોઢ વર્ષથી નિવાસી તબીબી અધિકારીની જગ્યા ખાલી હોવાથી લોકો હાલાકી તેમજ પરેશાની ભોગવી રહ્યા છે ઉપરાંત પ્રસુતિગૃહમાં દાખલ થતી મહિલાઓ કફોડી સ્થિતિ ભોગવી રહી છે. તેમજ પ્રસુતિની પીડા ઉપડતાં સરકારની પીડા પણ ન છૂટકે સહન કરી રહી છે જે ખૂબ જ લજજા અને નિંદનીય બાબત છે. મહિલા સશકિતકરણની વાતો કરતી આ સરકારના સુકાની મહિલા હોવા છતાં પેથાપુરના સરકારી દવાખાનામાં મહિલાઓને પ્રસુતિ અંગેની તબીબી સારવાર મળતી નથી.

રાજયના આરોગ્ય વિભાગે આ બાબતે ઉદાસીન વલણ દાખવ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્ર પણ બેદરકારી અને નિષ્કાળજી દાખવી રહ્યું છે. પરિણામે પેથાપુરના નગરજનો હાલાકી ભોગવી રહ્યા છે. તાજેતરમાં પેથાપુર નગરપાલિકાને પીવાના પાણી અંગે કલોરીનેશન બરાબર થયું નથી તેવા કારણોસર મુખ્ય અધિકારીને ફકત નોટીસ આપીને ચલાવી લીધું છે. પરંતુ રોગચાળા અંગે કોઈ પણ જાતની દરકાર રાખવામાં આવી નથી. પરંતુ હકીકત એ છે કે છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીનું કલોરીનેશન થતું નથી. જેથી પેથાપુર નગરપાલિકાનો અણઘડ વહીવટ અને જે તે ચીફ ઓફિસરની બેદરકારી તથા નિષ્ક્રિયતા જવાબદાર છે. જેથી નગરજનોમાં પેથાપુર નગરપાલિકાના શાસન સામે જબરજસ્ત આક્રોશ છે જેથી જિલ્લા અને રાજયનું વહીવટીતંત્ર આ બાબતે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગશે ખરું? તેવો પ્રશ્ન જિલ્લા કોંગ્રેસ પ્રમુખે કર્યો છે.



**પડી ગયેલા વૃક્ષોના થડ બાળકોને રમવાનું સાધન બન્યાં**

બાળપણ એટલું ભોળુ અને નિર્દોષ હોયછે કે તેને મન તેનું વિશ્વ તેની રમતમાં જ સમાયેલું હોય છે. થોડા દિવસ પૂર્વે તોફાની વરસાદે નગરમાં તારાજી સર્જી અનેક વૃક્ષોને ધરાશાયી કરી દીધા હતા આજે એ જ ધરાશાયી થયેલા તોતીંગ વૃક્ષોના થડ બાળકોને રમવાનું સાધન બની ગયા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે ખાંચરેથી...

● શહેરમાં ચોમાસાના વરસાદ પછી ગંદકીના થર પુનઃ જામતા જાય છે.

● ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિથી ઉભી થયેલી સ્થિતિને લઈ કોંગ્રેસના ધારાસભ્યોનું એક પ્રતિનિધિમંડળ મુખ્ય સચિવશ્રી અલોરિયાને મળ્યું હતું.

● આજે સચિવાલયમાં મુલાકાતીઓનો ભારે ઘસારો રહ્યો હતો. મંત્રીઓની ચેમ્બરો મુલાકાતીઓથી ઉભરાઈ ગઈ હતી.

● ગાંધીનગરના બલરામ ભવનમાં આજે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણીમાં અંદાજ કરતાં વધુ મહિલાઓની હાજરીથી આયોજકોને દોડાદોડી કરવી પડી હતી.

## જીઈબી કોલોનીમાં પ્રૌઢનો પંખે સાફી બાંધી ગળે ફાંસો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જીઈબી કોલોની ખાતે રહેતા ૫૬ વર્ષિય પ્રૌઢે રાત્રી દરમ્યાન પોતાના ઘરે જ સીલીંગ ફેન પર લાલ સાફી બાંધીને ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. દિકરાને ઘટનાની જાણ થતા વહલી સવારે પોલીસ બોલાવી લેવાઈ હતી. મૃતદેહ પોસ્ટમોર્ચમ માટે મોકલી આપઘાત કરવા પાછળનું રહસ્ય બહાર લાવવા પોલીસે તજવીજ શરૂ કરી છે.

શહેર પાસે સ્થિત જીઈબી કોલોનીમાં રહેતા ૫૬ વર્ષિય પ્રેમાભાઈ કાળીદાસ સાધુએ ગઈ રાત્રે ૧૦ વાગ્યાથી વહેલી સવારે ૪.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો.

## રવિવારે ગાંધીનગરમાં સાયકલ ચેલેન્જ-૨૦૧૫ રેસ યોજાશે

### સાયકલ રેસમાં ૧૩ થી ૧૫ વર્ષના બાળકો ભાગ લઈ શકશે : દરેક કેટેગરીમાં પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામથી સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની જી-૩ સાયકલ કલબ દ્વારા તા. ૯મી ઓગષ્ટ રવિવારે સવારે ૬ કલાકે નગરમાં સાયકલ રેસનું આયોજન કરવામાં આવ્યું છે. જી-૩ સાયકલ ચેલેન્જ-૨૦૧૫ નામની આ સાયકલ રેસ મહાત્મા મંદિરથી પ્રારંભ થઈ ખ-૭, ગ-૭, ગ-૧, ખ-૧ થઈ મહાત્મા મંદિર સુધી યોજાશે.

આ સાયકલ ચેલેન્જમાં ૧૩ થી ૧૫ વર્ષના વયજુથના બાળકો ભાગ લઈ શકશે. ભાગ લેવા માટે તા. ૪થી ઓગષ્ટ પહેલા રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આ સાયકલ રેસીમાં છોકરાઓ માટે ૧૮ કિમી અને છોકરીઓ માટે ૧૩ કિમીનો રૂટ નિયત કરવામાં આવ્યો છે. દરેક કેટેગરીમાં પ્રથમ ૩ વિજેતાઓને જી-૩ સાયકલ કલબ દ્વારા ઈનામથી સન્માનવામાં આવશે. સાયકલ રેસમાં રજીસ્ટ્રેશન માટે રૂ. ૧૦૦ રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી છે પરંતુ તમામ છોકરીઓ નિઃશુલ્ક ભાગ લઈ શકશે. રજીસ્ટ્રેશન માટે જી-૩ સાયકલ કલબના પ્રિતી સોનવણે સેકટર-૫-બી પ્લોટ નં. ૭૪૪/૧ અથવા ભૂમિ જોગાણી સેક્ટર-૨-એ પ્લોટ નં. ૭/૨નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## બનાસકાંઠામાં અસરગ્રસ્તોને ફુડપેકેટ વિતરણ કરાયા

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને જિલ્લાના યુવા મંડળો તથા સ્વૈચ્છિક સંસ્થાના યુવા પ્રતિનિધિઓ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં સુઈગામ, લાખણી, ભાભર તથા થરાદના પુરપીડિતો અને અસરગ્રસ્તોને ગ્લુકોઝના બિસ્કીટ, મોનેકો તથા ઉપયોગ ખાદ્ય પદાર્થો તથા નમકીનના આશરે ૧૦૦૦ જેટલા ફૂડપેકેટનો જથ્થો મોકલવામાં આવ્યો હતો. હજુ પણ આશરે ૩૦૦ ફુડ પેકેટ્સ મોકલવામાં આવનાર છે. આ વિતરણ કાર્યક્રમમાં સ્થળ પર જઈ અસરગ્રસ્તોને યુવા કાર્યકર શૈલેષ ચૌધરી, યુવા નેતા જયેશભાઈ ચૌધરી, ભાવેશ પટેલ, ગાંડાભાઈ ચૌધરી વગેરે જોડાયા હતા અને આમજા ગામના ૪૦ જેટલા યુવાનો શ્રમ અને સેવાકાર્યમાં પણ જોડાયા હતા.

## મૃતઃપ્રાય થઈ રહેલ જાહેર વહીવટ વિભાગમાં પ્રાણ પુરવા રજૂઆત

ગાંધીનગર, તા.૩

ગુજરાતનો જાહેર વહીવટ અનેકવિધ જીવલેણ રોગોથી પીડાય છે. ભૂતકાળમાં તત્કાલીન મુખ્ય સચિવ સાથે સક્ષમ સત્તાવાળાઓની નઘરોળ ઉદાસીનતા દૂર કરાવી જાહેર વહીવટમાં પ્રાણ પુરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી ત્યારે મુખ્ય સચિવે આ પ્રશ્ને અંગત ધ્યાન અપાશે એવું આશ્વાસન તેમના દ્વારા આપવામાં આવ્યું હતું. પરંતુ લાંબા સમય પછી પણ પરિસ્થિતિમાં કશો જ ફેર જોવા મળેલ નથી. તેવો આક્ષેપ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે કર્યો છે.

વિવિધ પુરાવાઓ પૈકી એક આધાર સામાન્ય વહીવટ વિભાગે ૧૯૯૩માં 'ખાતાકીય તપાસ માટેની માર્ગદર્શિકા' બહાર પાડવામાં આવી હતી. જે માર્ગદર્શિકા ઉપર સમગ્ર રાજયનો વર્તણુંક અને શિસ્ત અંગેનો જાહેર વહીવટ ચાલે છે પરંતુ તે પુસ્તિકામાં આશ્ચર્યજનક 'પ્રસ્તાવના'માં લખાણ છે કે આક્ષેપિત તે પુસ્તિકાનો આધાર ટાંકી શકાશે નહિ અને શિસ્ત અધિકારી તેમના વતી કાર્યવાહી કરતા કર્મચારીઓ પુસ્તિકાનો આધાર નહિ લઈ શકાશે. તારણ નીકળ્યું કે પુસ્તિકાનો ઉપયોગ જેમનો મૂળભૂત અધિકાર છે તેવા તમામ માટે તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ કરી દેવામાં આવ્યું હતું. અને આવ અભિગમનો મુખ્ય સચિવ બચાવ કરી શકયા ન હતા.

આ બાબતની રજૂઆત મુખ્ય સચિવ સામાન્ય વહીવટ વિભાગને ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે કરી હતી.

## સરકારને અસરગ્રસ્તોને સહાયરૂપ થવા કોંગ્રેસનું આવેદનપત્ર

ઉત્તર ગુજરાતમાં તાજેતરમાં થયેલ અતિશય ભારે વરસાદને કારણે પારાવાર નુકસાન થયેલ છે. અતિવૃષ્ટિને કારણે સમગ્ર ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં થયેલ નુકસાન સામે તાકીદે પગલાં લેવા બાબતે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક અને સિદ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતની આગેવાનીમાં આજરોજ ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉત્તર ગુજરાતના ધારાસભ્યો ડૉ. અનિલભાઈ જોષીયારા, મહેન્દ્રસિંહ વાઘેલા, અમિત ચૌધરી, મહેન્દ્રસિંહ બારૈયા, મહેશકુમાર પટેલ, જોઈતાભાઈ પટેલ, ધારશીભાઈ ખાનપુરા, મણીભાઈ વાઘેલા, કાંતિભાઈ ખરાડી, રાજેન્દ્રસિંહ ઠાકોરે રાજ્યના મુખ્ય સચિવને રૂબરૂ મળી આવેદનપત્ર સુપ્રત કર્યું હતું અને આવી ગંભીર પરિસ્થિતિમાં સરકારે તાત્કાલિક પગલાં લઈ અસરગ્રસ્તોને સહાયરૂપ બનવા અપીલ કરી હતી.

## ઝુંડાલ પાસે કારની અડફેટે બાઈકસવાર યુવાનનું મૃત્યુ

ગાંધીનગર નજીકના ઝુંડાલ પાસેથી બાઈક પર પસાર થઈ રહેલા કાકા-ભત્રીજાને કોઈ અજાણી કારની અડફેટ લાગતા બાઈક પાછળ સવાર ભત્રીજાનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ.

મહેસાણાના કડી તાલુકા વિસ્તારના એક ગામમાં રહેતા કાકા રમણભાઈ મંજીભાઈ પટેલ અને ૨૨ વર્ષિય ભત્રીજો રવિ બાબુભાઈ પટેલ તેમનું બાઈક નં. જીજે-૧-ઈ.એ. ૪૧૨૧ લઈને ઝુંડાલ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા બેફામ ગતિએ આવતી અજાણી કાર સાથે બાઈક અથડાતા કાકા-ભત્રીજો ફંગોળાઈને બાઈક સાથે રોડ પર પટકાઈને ઢસડાયા હતા.

### બઢતીના હુકમો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિવીઝનના ડી.વાય.એસ.પી. શ્રી જે.પી. ચુડાસમાની અમદાવાદ શહેરમાં બદલી કરવામાં આવી છે. ગૃહ વિભાગે ૭૩ પોલીસ ઈન્સ્પેક્ટરોને ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે જેમાં ગાંધીનગર જિલ્લાના સાત પોલીસ ઈન્સ્પેક્ટરોનો સમાવેશ થાય છે. સાત પોલીસ ઈન્સ્પેક્ટરોને બઢતી મળતાં હવે આગામી દિવસોમાં જિલ્લા પોલીસતંત્રમાં પણ ફેરફારો કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

### જલદ આંદોલન થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તરી રહ્યુ છે ત્યારે સરકારને અમે વિનંતી કરીએ છીએ કે આંદોલનકારીઓ સાથે વાતચીતો કરે અને તેમની રજુઆતો અંગે જે યોગ્ય હોય તેનો ઉકેલ લાવે.

શ્રી વાઘેલાએ જણાવ્યુ હતુ કે આ આંદોલન સાથે અમારે કે અમારા પક્ષને કોઈ નિસ્બત નથી. દરમ્યાન કોંગ્રેસના વિજાપુરના ધારાસભ્ય શ્રી વી.આઈ. પટેલે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને એક પત્ર લખી પાટીદાર અનામત આંદોલનને લઈ યોગ્ય ન્યાય આપવાની માંગ કરી છે.

તેમણે તેમના આ પત્રમાં શિક્ષણના ખાનગીકરણના કારણે પાટીદારના પુત્રને થતા અન્યાય અને આર્થિક બોજની વાત કરી છે. રોજગારીની તકો સિમીત હોવાનો ઉલ્લેખ પણ આ પત્રમાં કરી છે. તેમણે પાટીદાર સમાજને સત્વરે અનામતનો લાભ મળે તે અંગે આપના લેવલેથી જ યોગ્ય કાર્યવાહી ઝડપથી થાય તેની માંગ કરી છે.

### વ્યાજદર યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

નીતિ સમીક્ષા રાજને જારી કરી હતી. જાન્યુઆરી મહિનામાં પ્રથમ વખત રેટમાં કાપ મુક્યા બાદ બેંકોના બેઝ ધિરાણદરમાં ૩૦૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો થઈ ચુક્યો છે. હજુ સુધી ૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. રાજને એવો સંકેત આપ્યો હતો કે, ભવિષ્યમાં કાપની શક્યતા રહેલી છે. રાજને કહ્યું હતું કે, જાન્યુઆરી બાદથી પોલિસી રેટમાં ઘટાડો કરાયો હોવા છતાં બેંકોએ લોકોને માત્ર ૦.૩ ટકા ધિરાણ આપીને ઓછી રાહત આપી છે. આ કેલેન્ડર વર્ષમાં ત્રણ વખત રેટમાં કાપ અગાઉ મુકવામાં આવ્યો છે. જુનમાં ઘટાડો કરવામાં આવ્યો તે અગાઉ જાન્યુઆરી અને માર્ચમાં રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે જુન મહિનામાં રીટેલ ફુગાવો ૫.૪ ટકાની આઠ મહિનાની ઉંચી સપાટી પર છે. જ્યારે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત ફુગાવો આ જ મહિનામાં માઈનસ ૨.૪ ટકા રહ્યો છે. બીજી જુનના દિવસે આ વર્ષે છેલ્લી પોલીસી સમીક્ષામાં આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ કેલેન્ડર વર્ષ દરમિયાન આરબીઆઈ દ્વારા રેટમાં ત્રણ વખત ૦.૭૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપી ઉભરી રહેલા અર્થતંત્રમાં સ્થાન મેળવી ચુક્યું છે. ચીનને પાછળ છોડવામાં ભારતે સફળતા મેળવી છે.

### સ્થળ બદલવું જરૂરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની જતાં રેલવે સ્ટેશનને જોડતો સીધો માર્ગ બંધ થઈ ગયો છે. રેલવે સ્ટેશન જાણે હાંસિયામાં ધકેલાઈ ગયો છે. રેલવે સ્ટેશન પહોંચવું હોય તો હવે ફરી ફરીને જવું પડે છે. એક સમયે વિધાનસભા પાસે ઉભા રહો તો સીધુ જ દેખાતુ રેલવે સ્ટેશન મહાત્મા મંદિરની પાછળ જાણે દબાઈ ગયો છે.

મોટાભાગના રાજ્યોના પાટનગરમાં રાજ્યનું મોટુ રેલવે સ્ટેશન હોય છે. પરંતુ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં રેલવેનો વિકાસ જાણે અટકી ગયો છે. નગરના વિકાસ માટે અને નાગરિકોની સુવિધા માટે પાટનગરનું રેલવે સ્ટેશન માર્ગ નં. ૩ પર વાવોલ નજીક હોય તો ગાંધીનગર અને આસપાસ રહેતા અન્ય નાગરિકો તેનો મહત્તમ લાભ લઈ શકે. વળી અહીં જો રેલવે સ્ટેશન બનાવાય તો બસ સ્ટેન્ડથી સીધી કનેકેટીવીટી મળી રહે તેવી લોક લાગણી છે. આ બાબતે ગાંધીનગર મહાનગર પાલિકા રાજ્ય સરકારને અને રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને ભલામણો સાથે રજુઆત કરે તો રેલવે મંત્રાલય આ દિશામાં વિચારતુ થઈ શકે.

## સ્ટુડન્ટ એક્ષચેન્જ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સન્માનાયા

સંસ્કૃતિના આદાન પ્રદાન થકી વિશ્વમાં સોહાર્દનું વાતાવરણ વધુ ખીલે અને નવી પેઢીમાં 'વસુધૈવ કુટુંમ્બકમ'ની ભાવનાનો સંચાર થાય તે હેતુથી એએફએસ દ્વારા સ્ટુડન્ટ એક્ષચેન્જ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત ભારતીય વિદ્યાર્થીઓ બીજા દેશમાં જઈને ત્યાં રહી ભણે છે અને સાથે સાથે તે રાષ્ટ્રની સંસ્કૃતિનો પણ અભ્યાસ કરે છે. તે જ પ્રમાણે બીજા દેશના વિદ્યાર્થીઓ અહી આવી ભારતીય સંસ્કૃતિને સમજવાનો પ્રયાસ કરે છે.

ગાંધીનગરની એમ.બી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી ઈંગ્લિશ મીડીયમ સ્કૂલના બાળકો જેઓએ સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો અથવા હવે લેવાના છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓ પૈકી જીલમીલ પટેલ, શ્રદ્ધા સોની, હાર્દિક મંકોડી, સલોની પાઠક જેઓ આ વર્ષે ૧ વર્ષ માટે વિદેશ જવાના છે તેમનું સન્માન કરાયું હતું. આ સાથે જે વિદ્યાર્થીઓ એક વર્ષનો અભ્યાસ પૂર્ણ કરી પરત આવ્યા છે તેમાં અભિન્ના શાહ, પૂર્વ શર્મા, ચંદ્રપાલસિંહ ભાટી, ક્રિશ્ના જયસ્વાલ અને પ્રેક્ષા રાવલનો સમાવેશ થાય છે.



આ વિદ્યાર્થીઓ યુએસએના અલાસ્કા, વૉશિંગ્ટન, સાઉથ આફ્રિકા અને સ્વીટ્ઝરલેન્ડ જેવા દેશોમાં રહીને અભ્યાસ કરી આવ્યા છે.

આ વર્ષે એમ.બી. પટેલ સ્કૂલમાં પ્રવેશ મેળવનાર ફ્રાન્સના માર્ક, થાઈલેન્ડના શીપ્સુકા, જાપાનથી મુત્સકી, ઈટલીથી ફેદરિકા વગેરે વિદેશી વિદ્યાર્થીઓનું પણ સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓએ મંચ પરથી 'નમસ્તે' બોલીને સમારંભમાં રોમાંચ ફેલાવી દીધો હતો. આ પ્રસંગે પ્રાધ્યાપક સ્નેહા મેડમે વિદ્યાર્થીઓની સરાહના કરી હતી અને પ્રા. વર્ષાબેન પારેખે તમામ વિદ્યાર્થીઓને આશિર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે આ કાર્યક્રમની આયોજક સંસ્થા એએફએસના ગાંધીનગર યુનિટના કેવલ ગજ્જર તેમના પરિવાર સાથે તેમજ વિદેશી વિદ્યાર્થીઓને જેઓ પોતાના ઘરે રાખવાના છે તેવા યજમાન પરિવારો પણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)


